| | | |
|---|---|---|
| Received on dt. | : | 20/12/2022 |
| Registered on dt. | : | 20/12/2022 |
| Decided on dt. | : | 06/01/2024 |
| Duration | : | Y. : M. D.<br>01 00 17 |

=============================================================

**મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. કલ્યાણપુર.**

=============================================================

**ફોજદારી કેસ નંબર:- ૧૩૨૩/૨૦૨૨.**
**આંક :-**

**ફરિયાદી** : સરકાર શ્રી

**વિરુઘ્ઘ**

**આરોપી** : શારદાબેન વા/ઓ જેંતીલાલ દેવમુરારી,
જાતે-રામાનંદી બાવાજી, ઉંમર વર્ષ. ૫૫, ઘંઘો : મજુરીકામ,
રહે. લાંબા ગામ,
તા.કલ્યાણપુર, જિ.દેવભુમી દ્વારકા.

**ફરિયાદ પક્ષ તરફે :-વિ.એ.પી.પી. શ્રી જે. જે. રાઘવાણી**

**આરોપી તરફે :- વિ.વ.શ્રી એસ.એન.ગોસ્વામી**

**ગુનો :- પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એએ) મુજબ...**

**-: ઠ રા વ :-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૦૯/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર લાંબા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર દેશી પીવાનો દારૂ લીટર ૦૩ જેની કિંમત રૂા. ૬૦/- નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી પ્રોહી. કલમ-૬૫(એએ) મુજબનો ગુનો કર્યા અંગેની ફરિયાદ આપવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અં

તે આરોપી સામે સદરહું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) સદરહું કામે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના–મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે. સદરહું કામના આરોપી સામે આંક–૧૮ થી તહોમતનામુ ફરમાવી વાંચી સમજાવી આંક–૧૯ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જે અન્વયે આરોપીએ પોતાના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે. આથી સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

**ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૨૧ | પંચ સાહેદ ધીરુભાઈ અજુભાઈ સરવૈયાની જુબાની |
| (૨) | ૨૬ | ફરીયાદી પો.કો. યુવરાજસિંહ ચંદુભા જાડેજાની જુબાની |
| (૩) | ૨૮ | પંચ સાહેદ મેહુલભાઈ મેરામણભાઈ ભાદરકાની જુબાની |
| (૪) | ૨૯ | તપાસ કરનાર અમલદાર હે.કો. દીલીપસિંહ હરીસિંહ જાડેજાની જુબાની |

**ફરિયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૨ | રેઈડ અંગેનું પંચનામું |
| (૨) | ૨૭ | ફરીયાદ |

(૪) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો પુરો થયેલાનું એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી જાહેર કરતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોઈ આથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપીએ પોતાના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવી પોતે નિર્દોષ હોઈ છોડી મુકવા વિનંતી કરેલ છે. સદરહું કામે બચાવપક્ષ

તરફે સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલ નથી.

(૫) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસની ઉપરોકત હકીકતે હાલના કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૯/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર લાંબા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર દેશી પીવાનો દારૂ લીટર ૦૩ જેની કિંમત રૂા. ૬૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી પ્રોહી. કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા સંદર્ભે કારણો અન્વયે કરેલ ચર્ચા મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં.૧.</u>**

(૮.૧) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરિયાદ પક્ષ તરફે સદરહું કામે આંક–૨૬ થી ફરીયાદી પો.કો. યુવરાજસિંહ ચંદુભા જાડેજાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓ એ સરતપાસમાં જણાવેલ છે કે, ''ગઈ તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ અમો તથા પો.હે.કો.ડી.એચ.જાડેજા સાથે કલાક ૧૭:૦૦ થી એ બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં

હતા તે દરમ્યાન ફરતા ફરતા લાંબા ગામમાં જાપા પાસે આવતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે અહી લાંબા ગામમાં રહેતા મહીલા શારદાબેન વા.ઓ. જૈં તીલાલ દેવભુરારી પોતાના રહેણાંક મકાને ગે.કા. રીતે દેશી દારૂનું વેચાણ કરે છે અને હાલ પ્રવૃતિ ચાલુ છે જેથી તુરત જ બે રાહદારી પંચોના માણસો બોલાવી પંચોની હકીકતથી વાકેફ કરી પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ કરેલ ત્યાર બાદ કલાક ૧૮:૦૦ વાગ્યે હકીકત વાળી જગ્યાએ પંચો સાથે રેઈડ કરતા રહેણાંક મકાને આવકતા કોઈ હાજર મળી આવેલ ન હોય સદરહું મકાનના ફળીયામાં પંચો રૂબરૂ તપાસ કરતા રસોડાના ખુણામાંથી એક પ્લાસ્ટીકનું કેન પ્રવાહી પડેલ હોય જે કેનનું ઢાકણું ખોલી સુંધી સુંઘાડી ખાત્રી કરતા તેમાં દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ગણી તપાસ અર્થે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ આશરે લિટર ૦૩ જેટલો હોય જેની કિંમત રૂા. ૬૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય અમોએ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દા.આંક–૨૭'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા રહેણાંક જગ્યા છે અને ત્યાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ વાત ખરી છેકે, રેડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તેવુ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, રેડ દરમ્યાન અમારી સાથે કોઈ મહિલા પોલીસ હતા નહી. એ વાત ખરી નથી કે, અમો કયાંય રેડમાં ગયેલ નથી. એ વાત ખરી છેકે, આરોપીના રહેણાંક મકાનના માલિકી અંગેના દસ્તાવેજો અમોએ જોયેલ નથી. એ વાત ખરી છેકે, આ કામેનું પંચનામુ મે કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળે કોઈ લેખીત ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી નથી કે,

આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે તેઓ ની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૮.૨) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૨૧ થી પંચ સાહેદ ધીરુભાઈ રાજુભાઈ સરવૈયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તેમજ આં ક–૨૮ થી પંચ સાહેદ મેહુલભાઈ મેરામણભાઈ ભાદરકાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે ઉપરોકત બંને પંચ સાહેદોએ સંલગ્ન રેઈડ અંગેનાં પંચનામા ને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસ કરવા પરવાનગી આપેલ હોય, તે અન્વયે સુચક પ્રશ્નો પુછવા છતાં સદરહું બંને પંચ સાહેદોએ સંલગ્ન પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. ત્યારે સદરહુ કામે આંક–૨૨ થી રજૂ રેઈડ અંગેનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થતું નથી.

(૮.૩) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર હે.કો. દીલીપસિંહ હરીસિંહ જાડેજાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ''ગઈ તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ અમો તથા પો.કો. યુવરાજસિંહ ચંદુભા જાડેજા સાથે કલાક ૧૭:૦૦ થી એ બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા લાંબા ગામમાં જાપા પાસે આવતા પો.કો. યુવરાજસિંહને ખાનગી રાહે હકીકત મળેલ કે અહી લાંબા ગામમાં રહેતા મહીલા શારદાબેન વા.ઓ. જૈંતીલાલ દેવભુરારી પોતાના રહેણાંક મકાને ગે.કા. રીતે દેશી દારૂનું વેચાણ કરે છે અને હાલ પ્રવૃતિ ચાલુ છે જેથી તુરત જ બે રાહદારી પંચોના માણસો બોલાવી પંચોની હકીકતથી વાકેફ કરી પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ કરેલ ત્યાર બાદ કલાક ૧૮:૦૦ વાગ્યે હકીકત વાળી જગ્યાએ પંચો સાથે રેઈડ કરતા રહેણાંક મકાને આવકતા કોઈ હાજર મળી આવેલ ન

હોય સદરહું મકાનના ફળીયામાં પંચો રૂબરૂ તપાસ કરતા રસોડાના ખુણામાંથી એક પ્લાસ્ટીકનું કેન પ્રવાહી પડેલ હોય જે કેનનું ઢાકણું ખોલી સુંઘી સુંઘાડી ખાત્રી કરતા તેમાં દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાં થી એક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ગણી તપાસ અર્થે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ આશરે લિટર ૦૩ જેટલો હોય જેની કિંમત રૂા. ૬૦/– ગણી પં ચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય અમારી સાથેના પો.કો. યુવરાજસિંહ ચંદુભા જાડેજાએ અમારા રૂબરૂની ફરીયાદ આપેલ  ત્યારબાદ સદરહું ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા તપાસ સંભાળી લીધેલ તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છેકે, હાલના કામેની ફરીયાદ મારા રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર હુ પોતે જ છુ. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી.  એ વાત ખરી છે કે, પંચોના નામ હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, રેડ દરમ્યાન અમારી સાથે કોઈ મહિલા પોલીસ કર્મચારી ન હતા. એ વાત ખરી છે કે, હાલના કામે આરોપીને અટક કર્યા અંગેનું અટક પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે, હાલના કામે કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર  છે. એ વાત ખરી નથી કે, હું કયાંય રેઈડ માં ગયેલ નથી. એ વાત ખરી છેકે, હાલના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીની હાજરીમાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના કબ્જામાંથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી પરંતુ અમારા સહ કર્મચારીની ખોટી ફરીયાદને સમર્થન કરવા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૯) સદરહું કામે ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીએતો, આંક–૨૬ થી ફરિયાદી પો.કો. યુવરાજસિંહ ચંદુભા જાડેજાની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં ફરિયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વિકારેલ છે કે, બનાવવાળી જગ્યા રહેણાંક જગ્યા છે અને ત્યાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તેવુ ફરીયાદમાં જણાવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ દરમ્યાન તેઓની સાથે કોઈ મહિલા પોલીસ હતા નહી. એ બાબત સ્વિકારેલ છે કે, આરોપીના રહેણાંક મકાનના માલિકી અંગેના દસ્તાવેજો તેઓએ જોયેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, આ કામેનું પંચનામુ તેઓએ કરેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, બનાવ સ્થળે કોઈ લેખીત ફરીયાદ આપેલ નથી. વિશેષમાં, જયારે સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ બન્ને પં ચ સાહેદોએ ફરિયાદપક્ષને લેશ માત્ર સમર્થનકારક જુબાની આપેલ નથી, તેમજ પં ચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનું જણાવેલ હોય, ત્યારે ફરિયાદીની સોગંદ ઉપરની જુબાનીને પંચ સાહેદોના મૌખિક પુરાવાથી લેશ માત્ર સમર્થન મળતું નથી, તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં સદરહું કામે આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર હે.કો. દીલીપસિંહ હરીસિંહ જાડેજાની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં ફરિયાદ પક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વિકારેલ છે કે, હાલના કામેની ફરીયાદ તેઓના રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર તેઓ પોતે જ છે. એ બાબત સ્વિકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી. એ બાબત સ્વિકારેલ છે કે, પંચોના નામ હાલ તેઓને યાદ

નથી. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ દરમ્યાન તેઓની સાથે કોઈ મહિલા પોલીસ કર્મચારી ન હતા. એ બાબત સ્વિકારેલ છે કે, હાલના કામે આરોપીને અટક કર્યા અં ગેનું અટક પંચનામું કરેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, હાલના કામે કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ બાબત સ્વિકારેલ છે કે, હાલના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, આરોપીની હાજરીમાં થી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. વિશેષમાં, હાલના કામે કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. આમ, સદરહું કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, પોલિસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતં ત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ પંચ સાહેદોનો પુરાવો પોલિસ સાહેદોની જુબાનીથી તદ્દન વિરૂધ્ધનો જણાય આવે છે. એવા સંજોગોમાં જયારે પોલીસ સાહેદો કે જે ફરિયાદ પક્ષના હિત ધરાવનાર સાહેદ હોય, ત્યારે ફકત પોલિસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં ફરિયાદપક્ષનો પુરાવો લક્ષમાં લેતાં, રેડ વાળી જગ્યા આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય, ત્યારે ફરિયાદ પક્ષના કેસ મુજબના બનાવવાળા સ્થળની માલીકી, કે કબજો ભોગવટો આરોપીનો હોવાનું ફરિયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

(૧૦) આમ, સદહુ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓ સંદર્ભે કરવામાં આવેલ મૂલ્યાં કન તથા ઉપરોકત વિગતે કરવામાં આવેલ ચર્ચા લક્ષમાં લેતાં, સદરહું કામનાં આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ દ્વારા નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે, ફરિયાદ પક્ષ

દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાના આધારે સદરહુ કામે આરોપીને હાલના ગુના અન્વયે આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, ફરિયાદ પક્ષ સદરહુ કામનાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, ઉપરોકત વિગતે મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

સદરહુ કામનાં આરોપી શારદાબેન વા/ઓ જેંતીલાલ દેવમુરારી, જાતે–રામાનંદી બાવાજી, ઉંમર વર્ષ. ૫૫, ધંધો : મજુરીકામ, રહે. લાંબા ગામ, તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિદ્વારકાવાળાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ) મુજબના આક્ષેપિત ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

સદરહું કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ એ ની જોગવાઈ અનુસાર રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) સઘ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવો.

હુકમ, આજ રોજ તારીખ–૦૬, માહે–જાન્યુઆરી, સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુકામ :–કલ્યાણપુર.<br>તારીખ:–૦૬–૦૧–૨૦૨૪ | (Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)<br>GJ01628<br>જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા. |